'ચતુર્વિંશતિપ્રબંધ'ના 'મલ્લવાદી પ્રબંધ'માં 'પ્રબંધચિંતામણિ'ના કથનનો જ વિસ્તાર છે. વિશેષતા એટલી જ છે કે શિલાદિત્યની માતાનું નામ **સુભગા** હતું. મલ્લમુનિ શિલાદિત્યના ભાણેજ હતા, ભરૂચના રાજાના પુત્ર હતા. વિ. સં. ૫૭૨(૩૭૫)માં વલભીનગરનો **પ્રથમ** ભંગ થયો. આ૦ મલ્લવાદી ત્યાંથી વિહાર કરી પંચાસર ગયા. આ આચાર્ય નાગેન્દ્રગચ્છના છે. પંચાસર, પાટણ અને સ્તંભનક તીર્થ વગેરે ધર્મસ્થાનો આ ગચ્છને આધીન હતાં.

ઉક્ત ચરિત્રો અને બીજા ઐતિહાસિક સાધનોનું એકીકરણ કરીએ તો તેમાંથી ત્રણ મલ્લવાદી આચાર્યો મળી આવે છે, જે જુદા જુદા નીચે પ્રમાણે છે.

**પહેલા મલ્લવાદી :** આ૦ મલ્લવાદીસૂરિ મહાવાદી હતા એ તો તેમના ગ્રંથથી નક્કી થાય છે. તેમણે શાસ્ત્રાર્થ કરી બૌદ્ધોને હરાવ્યા, જૈન તીર્થ પાછું વાળ્યું, જૈનશાસનની રક્ષા કરી અને 'નયચક્ર, પદ્મચરિત્ર અને સમ્મતિટીકા'ની રચના કરી છે. તેમણે આ૦ સિદ્ધસેન દિવાકરના 'સમ્મતિતર્ક' પર તર્કપૂર્ણ ટીકા બનાવી હતી, જે આજે મળતી નથી પણ તેના અવતરણો 'અનેકાંતજયપતાકા' વગેરેમાં ઉપલબ્ધ થાય છે. વળી સૂરિજીએ ઉક્ત વિધિનિયમવાળી **કારિકા**ના વિવરણરૂપે ગદ્ય-પદ્ય સંસ્કૃતમાં **'નયચક્ર'** નામનો વિશાલ ગ્રંથ બનાવ્યો છે. **'નયચક્રશાસ્ત્ર'** ૧૩ ભાગમાં વહેંચાયેલું છે. શરૂઆતના ૧૨ ભાગમાં વિધિનિયમથી ઉત્પન્ન થતા ૧૨ નયોનું વર્ણન છે, જે આ શાસ્ત્રના ૧૨ આરા રૂપે છે, અને એ જ કારણે આ શાસ્ત્રનું મોટું નામ ''દ્વાદશારનયચક્ર' પણ છે. ૧૩મા ભાગમાં ૧૨ નયોનું સંયોજન છે. તેથી આ ૧૩મા ભાગનું નામ 'સ્યાદ્વાદતુંબ' છે. જૈન સાહિત્યમાં ૭૦૦ નયોના સંગ્રહવાળું **સપ્તશતારચક્ર** હતું, તેમ આ ૧૨ નયોના સંગ્રહવાળું દ્વાદશારનયચક્ર છે. આમાં પ્રસિદ્ધ ૭ નયોનું અને દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક વગેરે નયોનું વ્યવસ્થિત વર્ણન છે. નયચક્રમાં પ્રાચીન દર્શનોનું પોતાના સમય સુધીના મતોનું તલસ્પર્શી સ્વરૂપ વર્ણવી તેની માર્મિક સમાલોચના કરી છે. વિ. સં. ૪૦૦ સુધીના બૌદ્ધ વિદ્વાનો પૈકીના સ્થ. વસુમતિ, સ્થ. વસુબન્ધુ, તેના શિષ્ય દિઙ્નાગ, સ્થ. આર્યદેવ, સ્થ. વસુરાતનો શિષ્ય પ્રથમ ભર્તૃહરિ વગેરેના વાદોનું અકાટ્ય યુક્તિઓથી ખંડન કર્યું છે. આ ગ્રંથ આ૦ શાંતિસૂરિ, મલધારી આ૦ હેમચંદ્રસૂરિ અને કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિના ગુરુભ્રાતા આ૦ પ્રદ્યુમ્નસૂરિના પટ્ટધર આ૦ ચંદ્રસેનસૂરિના સમય સુધી વિદ્યમાન હતો, ત્યાર પછી અને સં. ૧૩૩૪